PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા–૦૩/૧૭–૧૮/ ૭૭૮૦ તા. 23-11-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કામરીયા મહેશભાઈ ગોરધનભાઈ,
આલ્ફા પ્લસ –૫૧૭, ગુજરાત ગેસ સામે
૧૫૦ ફુટ રીંગ રોડ,
રૈયા એક્સચેનઝ પાસે
રાજકોટ
મો: ૯૭૩૭૮ ૬૫૧૬૧

**વિષય :–નામ બદલી બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૦–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૧/ક્વા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૨૧/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીગ: તા. ૧૫–૧૧–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: કામરીયા મહેશભાઈ ગોરધનભાઈ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

## : હુકમ :

ફરીયાદ : નામ બદલી બાબત

**મુદદા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક અવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ જણાવે છે કે, તેઓએ મે. સન કોર્પોરેશન નામના તેઓના વાણીજય જોડાણ નં.: ૩૯૯૦૯/૩૨૮૯૮/૪ મા નામ બદલી મેળવવા માટે ની અરજી તા.૨૩–૦૯–૧૭ ના રોજ કરેલ હોય, જે બાબતે એસ.આર. તા.૧૮–૧૦–૧૭ સુધી મા થયેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા ન. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંઘાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે – કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી હેઠળ ના ગ્રાહક નં. : ૩૯૯૦૯/૩૨૮૯૮/૪ મા સીસ્ટમ એરર ના કારણોસર અરજદાર શ્રી ની નામ બદલી નુ રજીસ્ટ્રેશન થઈ શકેલ ન હતુ. સીસ્ટમ મા એસ.આર. નંબર: પીજી-૨૧૮૦૩૭ અને પીજી– ૨૧૯૭૮૫ ના નિરાકરણ માટે ની કાર્યવાહી કરાયેલ હતી. જે બાબત ની સમજણ અરજદાર શ્રી ને આપતા – અરજદાર શ્રી ના તા.૦૮–૧૧–૧૭ ના રોજ ના લેખીત સંમંતીપત્ર હેઠળ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંઘાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – અરજદાર શ્રી ના ગ્રાહક નં. : ૩૯૯૦૯/૩૨૮૯૮/૪ મા એસ.આર. નંબર: – પીજી– ૨૧૮૦૩૭ અને પીજી– ૨૧૯૭૮૫ ના સીસ્ટમ એરર ના નિરાકરણ ની કાર્યવાહી કરી અને તે બાબત ની સમજણ અરજદાર શ્રી ને અપાયેલ હતી. જે અન્વયે – અરજદાર શ્રી ના તા.૦૮–૧૧–૧૭ ના રોજ ના લેખીત સંમંતીપત્ર હેઠળ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફારમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગત, અરજદાર શ્રી ના તા.૦૮–૧૧–૧૭ ના રોજ ના લેખીત સંમંતીપત્ર હેઠળ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.